# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-12-2024 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## મુખ્યમંત્રી

**ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તમામ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. સ્વર્ણિમ્ સંકુલ એક નર્મદા સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં સરકારી જમીન પરના દબાણ, લેન્ડ ગ્રેબિંગ એટલે કે, જમીન પચાવી પાડવાના કેસ, સરકારી ઠરાવના અમલીકરણ તેમજ યોજનાઓના લાભાર્થીઓના વ્યાપ અંગે ચર્ચા કરવામાં આવી હતી.**

**-------------------------------------------------------------------------------------------**

## વિશ્વ ધ્યાન દિવસ

**રાષ્ટ્ર સંઘ દ્વારા તા. ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને અન્ય યોગ- ધ્યાન સંસ્થાઓ દ્વારા આવતીકાલે રાજ્યભરમાં વિવિધ શહેરોમાં 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી કરવામાં આવનાર છે. જે અન્વયે કચ્છમાં અંબાજી મંદિર હોલ, ઓસ્લો, ગાંધીધામ ખાતે સમર્પણ સંસ્થા સહયોગથી બપોરે ૪ થી ૬ કલાકે ધ્યાન અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.**

**-------------------------------------------------------------------------------------------**

## રાજ્ય વેરા નિરીક્ષક પરીક્ષા

**ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યની સાથે કચ્છમાં પણ રાજય વેરા નિરીક્ષક,વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી 22 ડિસેમ્બરના યોજાશે. પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના**

વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે. ભુજમાં પરીક્ષા કેન્દ્રોની આસપાસની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં સવારે 6 વાગ્યાથી બપોરના 3 કલાક સુધી પ્રતિબંધો અમલમાં રહેશે.

---------------------------------------------------------------------------------------------------

ઝીરો કેઝયુલિટી કેમ્પુળન

કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના મુજબ જિલ્લા ટ્રાફિક પીએસઆઇ અને તેમની ટીમ દ્વારા જિલ્લામાં પ્રથમ વખત "ઝીરો કેઝ્યુલીટી કેમ્પેઇનનો" પ્રારંભ કરાવાયો છે. જ્યુબિલી સર્કલ ખાતે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા મોપેડમાં ગાર્ડ લગાવાયા હતા. મહત્વનું છે કે કચ્છમાં આ સુરક્ષા ગાર્ડ ઉપલબ્ધ ન હોવાથી વડોદરાથી મંગાવાયા હતા. ઉતરાયણ સુધી તમામ પોલીસ સ્ટેશનો દ્વારા સુરક્ષા ગાર્ડ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

એગ્રીસ્ટોક – ફાર્મર રજિસ્ટ્રી

રાજ્યમાં એગ્રી સ્ટોક – ડીપીઆઈ હેઠળ ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે, જે અંતગર્ત રાજ્યના પીએમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯મા હપ્તાનો લાભ મેળવવા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવા તેમજ નવા અરજદારોએ પીએમ કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈડી મેળવવો જરૂરી છે. પીએમ કિસાન યોજનામાં પાત્રતા ધરાવતા ખેડૂતોએ સેલ્ફ રજીસ્ટ્રેશનથી અરજી કરવા માટે પહેલી જાન્યુઆરી ૨૦૨૫થી નવા અરજદારોએ પહેલા ફાર્મર રજિસ્ટ્રીમાં ફરજીયાત નોંધણી કરાવવી પડશે.

આ અંગે વધુ જાણકારી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## અંજાર- સ્થાપના દિન

ઐતિહાસિક અંજાર શહેરના **1480**માં સ્થાપના દિનની ઉજવણીના ઉપલક્ષમાં તા. **23** ડિસેમ્બરના  વિવિધ કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી અંતગર્ત અંજાર નગરપાલિકા કચેરી ખાતે થી વાજતે ગાજતે સવારે **10** વાગ્યે શોભાયાત્રા નીકળશે.**10.30** વાગ્યે અજેયપાળ મંદિર પૂજા અર્ચન બાદ શોભાયાત્રા ગંગાનાકા પહોંચશે. સવારે **11** વાગ્યે અંજાર મત વિસ્તારના ધારાસભ્ય અને સુધરાઈ દ્વારા ખીલીપૂજન અને તોરણવિધી કરવામાં આવશે.  તેમજ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

------------------------------------------------------------------------------------

## ગાંધીધામ-પત્રકાર હેલ્થ ચેકઅપ કેમ્પ

રાજ્ય સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામના રેડક્રોસ ભવન ખાતે પત્રકારો માટે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં ફીટ ઇન્ડીયા, ફીટ મીડિયાના લક્ષ્ય સાથે રાજ્યભરમાં પત્રકારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

હેલ્થ ચેકઅપ કેમ્પમાં બ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઇસીજી સહિતના વિવિધ ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પનો **50**થી વધુ પત્રકારો, ફોટોગ્રાફરોએ લાભ લીધો હતો.

------------------------------------------------------------------------------------

## કચ્છ-ઠારમાં વધારો

નાતાલના દિવસોમાં વાતાવરણીય બદલાવની આગાહીથી કચ્છવાસીઓમાં ઉચાટ વધ્યો છે. પૂર્વ કચ્છના રાપર- ધોળાવીરાથી નલિયા સુધી ઠારનું સામ્રાજય છવાયું છે. કડકડતી ઠંડીથી કચ્છવાસીઓ ધ્રુજી રહ્યા છે ત્યારે હવામાન વિભાગે આગામી ૨૫ થી ૨૭ તારીખ સુધી આબોહવામાં બદલાવની આગાહી કરી છે. સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર તળે રાજયના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો

કમોસમી વરસાદ થવાની સંભાવના છે. આ સાથે તાપમાનમાં ઘટાડા સાથે ઠંડીની તિવ્રતામાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ભુજમાં ઠંડીનું જોર વધ્યું છે ત્યારે આજે ભુજમાં લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના સૌથી શીતમથક નલિયામાં તાપમાનનો પારો ૬.૪ ડિગ્રીએ રહ્યો થયો હતો. જ્યારે કંડલામાં ૧૩.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

છેલ્લા એક પખવાડિયાથી પડી રહેલી કાતિલ ઠંડીના પગલે જિલ્લાનું જનજીવન પ્રભાવિત થયું છે. સૂર્યાસ્ત થતાં જ માર્ગો અને બજારો સૂમસામ બની જાય છે. મોડી સવાર સુધી ઠારના પ્રભાવના કારણે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

-----------------------------------------------------------------------------------------------